પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૬૩ | ૨૩ ઓગસ્ટ, ૨૦૨૧, સોમવાર; શ્રાવણ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાબુલ એરપોર્ટ પર નાસભાગ : સાતનાં મોત

**તાલિબાનના ડર વચ્ચે કાબુલ એરપોર્ટ પર નાસભાગ : અફઘાનમાં તાલિબાનના કબજા બાદ કાબુલ એરપોર્ટ પર છેલ્લા કેટલાક દિવસથી લોકોની ભીડ જોવા મળી રહી છે**



કાબુલ,તા.૨૨

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા બાદ લોકોમાં ચિંતાનો માહોલ છે. કાબુલ એરપોર્ટ પર હજારોની સંખ્યામાં લોકો ભેગા થયા છે. આજે અહીં એરપોર્ટ બહાર થયેલી ભાગદોડમાં ૭ અફઘાની નાગરિકોના મોત થયા છે. બ્રિટન રક્ષા મંત્રાલય પ્રમાણે જમીની સ્થિતિ ખુબ પડકારજનક છે, પરંતુ વધુમાં વધુ નાગરિકોને સુરક્ષિત સ્થિતિમાં સંભાળવાનો દરેક સંભવ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મહત્વનું છે કે અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજા બાદ કાબુલ એરપોર્ટ પર છેલ્લા કેટલાક દિવસથી લોકોની ભીડ જોવા મળી રહી છે. લોકો દેશ છોડવા માટે એરપોર્ટ પર ભેગા થયા છે. હાલ એરપોર્ટ પર અમેરિકી સૈનિકોનો કબજો છે. એક સાથે હજારો લોકો ભેગા થવાને કારણે આજે અહીં ભાગદોડ જોવા મળી હતી. આ દરમિયાન સાત લોકોના મોત થવાના સમાચાર સામે આવ્યા છે. કાબુલ પર એક સપ્તાહ પહેલા તાલિબાનના કબજા

● અનુસંધાન પાન-૭ પર

# કાબુલથી ૧૦૭ ભારતીય ભારત પહોંચ્યા

**વિમાન હિંડનમાં ઉતર્યું : અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજા બાદ ભારત પોતાના નાગરિકોની સુરક્ષિત દેશ વાપસી કરાવી રહ્યું છે**

નવી દિલ્હી,તા.૨૨

ભારતીય વાયુસેનાના સી-૧૭ વિમાને આજે સવારે અફઘાનિસ્તાનના કાબુલથી ઉડાન ભરી અને તે ગાઝિયાબાદમાં હિંડન એરફોર્સ બેઝ પર ઉતર્યું છે. આ સાથે અફઘાનિસ્તાનમાં ફસાયેલા તે ભારતીયોએ રાહતના શ્વાસ લીધા છે. મહત્વનું છે કે હિંડન પર ઉતરેલા આ વિમાનમાં ૧૦૭ ભારતીય નાગરિકો સહિત ૧૬૮ લોકો સવાર હતા. ઉલ્લેખનીય છે કે અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજા બાદ ખરાબ થતી સ્થિતિને જોતા બધા દેશ પોત-પોતાના નાગરિકોને ત્યાંથી બહાર કાઢવામાં લાગેલા છે. અફઘાનિસ્તાનમાં ફસાયેલા ભારતીયોની સુરક્ષિત વાપસી માટે ભારતને દરરોજ બે ઉડાનો સંચાલિત કરવાની મંજૂરી આપવામાં આવી છે. સરકારી સૂત્રોએ જણાવ્યું કે કાબુલ એરપોર્ટથી બે ભારતીય વિમાનોને સંચાલિત કરવાની મંજૂરી આપવામાં આવશે. ૧૫ ઓગસ્ટે અફઘાનિસ્તાન પર કબજા બાદ કાબુલના હામિદ કરઝઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના

● અનુસંધાન પાન-૭ પર



# મોદીએ લખનૌ પહોંચીને કલ્યાણસિંહને શ્રદ્ધાંજલિ આપી

**મોદીએ કલ્યાણસિંહના અંતિમ દર્શન કર્યા : ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતા અને ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહનું ૮૯ વર્ષની વયે નિધન થયું**

લખનઉ,તા.૨૨

અયોધ્યા આંદોલનનો અવાજ રહેલા અને યૂપીના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણ સિંહનું નિધન થયું છે. તેમણે શનિવારે રાત્રે સંજય ગાંધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ ૮૯ વર્ષના હતા. ભાજપના દિગ્ગજ નેતાના નિધનથી દેશમાં શોકની લહેર દોડી ગઈ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે તેમના અંતિમ સંસ્કાર સોમવારે ૨૩ ઓદસ્ટે અલીગઢમાં થશે. આ દિવસે જાહેર રજા રહેશે. રવિવારે કલ્યાણ સિંહના પાર્થિવ શરીરને અંતિમ દર્શન માટે ભાજપના કાર્યાલય લઈ જવામાં આવશે. ૨૩ ઓગસ્ટે અલીગઢમાં પૂર્વ મુખ્યમંત્રીના રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. ભાજપના દિગ્ગજ નેતા કલ્યાણ સિંહનું શનિવારે રાત્રે નિધન થયું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી યૂપીના પૂર્વ સીએમ કલ્યાણ સિંહના અંતિમ દર્શન કરવા માટે લખનઉ પહોંચ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કલ્યાણ સિંહના નિવાસ્થાને પહોંચીને અંતિમ દર્શન કર્યા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી. પ્રધાનમંત્રી મોદીની સાથે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને યૂપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ હાજર રહ્યા હતા.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કલ્યાણ સિંહના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારતના સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ કરવામાં તેમણે મહત્વની ભૂમિકા નિભાવી તથા આવનારી પેઢીઓ તેમના માટે તેમની આભારી રહેશે. તેમણે કલ્યાણ સિંહના પુત્ર રાજવીર સિંહ સાથે વાત કરી અને સંવેદનાઓ વ્યક્ત કરી હતી. તો રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કલ્યાણ સિંહના નિધન પર શોક વ્યક્ત કર્યો અને કહ્યુ કે, જનતાની સાથે અદ્ભૂત જોડાવ હતો.

## હોલમાર્ક યુનિક IDના અવ્યવહારુ અમલ સામે જ્વેલર્સની સોમવારે એક દિવસની હડતાળ

મુંબઈ , તા. ૨૧

ગોલ્ડ જ્વેલરીના ફરજિયાત હોલમાર્કિંગની સાથોસાથ હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબરના અવ્યવહારુ અમલ સામે દેશભરના જ્વેલર્સ ૨૩ ઓગસ્ટના રોજ એક દિવસની હડતાળ પાડશે. દેશભરના ૩૫૦ સંગઠનો તથા ફેડરેશન્સે આ હડતાળને ટેકો આપ્યો છે એમ ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું.

## ઈઝરાયેલના ફાયરિંગમાં ૨૪ ઘાયલ

નવી દિલ્હી, તા. ૨૧

ઈઝરાયેલની સેનાએ ગાઝા પટ્ટીમાં હમાસના હથિયાર ડેપો પર રવિવારે સવારે બોમ્બમારો કર્યો હતો.આ પહેલા બોર્ડર પર કરાયેલી ફેન્સિંગ પાસે થયેલા હિંસક દેખાવોમાં ૨૫ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલો મળ્યા છે.ગાઝામાં હમાસે શનિવારે ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલી નાકાબંધીનો વિરોધ કરવા માટે શનિવારે દેખાવો કર્યા હતા.જેમાં હજારો લોકો ભાગ લેવા માટે ઉમટ્યા હતા અને એ પછી હિંસા ફાટી નીકલી હતી.

હજારો લોકો ઈઝરાયેલ અને ગાઝા વચ્ચેની ફેન્સિંગ પાસે પહોંચી ગયા હતા અને ઈઝરાયેલોનો આરોપ છે કે, તેમણે સૈનિકો પર સળગતા ટાયોર, પથ્થરો અને વિસ્ફોટકો ફેંક્યા હતા.એ પછી ઈઝરાયેલી સૈનિકોએ ફાયરિંગ કર્યુ હતુ.ગાઝાના સ્વાસ્થ મંત્રાલયના કહેવા પ્રમાણે આ ફાયરિંગમાં પેલેસ્ટાઈનના ૪ નાગરિકો ઘાયલ થયા છે.

બીજી તરફ ઈઝરાયેલના એક જવાનને પણ ગોળી વાગી છે અને તેની હાલત ગંભીર હોવાનુ ઈઝરાયેલનુ કહેવુ છે.

# સપ્ટેમ્બરમાં કોરોનાની ત્રીજી લહેર આવી શકે, નીતિ આયોગ

નવી દિલ્હી, તા. ૨૧

હવે ભારતમાં કોરોનાની ત્રીજી લહેર સપ્ટેમ્બરમાં આવે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.નીતિ આયોગના સભ્ય વી કે પોલે ગયા મહિને સરકારને કોરોનાના સંક્રમણના પડકારનો સામનો કરવા માટે કેટલાક સૂચનો કર્યા છે.જેમાં કહેવામાં આવ્યુ છે કે, હવે પછી જે લહેર આવશે તેમાં કોરોનાના ૧૦૦ કેસમાંથી ૨૩ કેસમાં દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવાની તૈયારી રાખવી પડશે.એક અંગ્રેજી અખબારના અહેવાલ પ્રમાણે સરકારને જે ભલામણો કરવામાં આવી છે તે એપ્રિલ થી જુન દરમિયાન જે પેટર્ન જોવા મળી રહી છે.તેના પર આધારિત છે.કોરોનાની બીજી લહેર પૂરજોશમાં હતી ત્યારે દેશમાં ૧૮ લાખ સક્રિયકેસ હતા.તેમાંથી દસ રાજ્યોમાં ૨૧ ટકા કેસ એવા હતા જેમાં દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની જરુર પડી હતી.

નીતિ આયોગનુ કહેવુ છે કે, તેનાથી પણ ખરાબ સ્થિત માટે દેશે તૈયાર રહેવુ જોઈએ.એક દિવસમાં ચાર લાખથી પાંચ લાખ કેસ પણ આવી શકે છે અને આગામી મહિના સુધીમાં બે લાખ આઈસીયુ બેટ તૈયાર કરવાની જરુર છે.જેમાં વેન્ટિલેટર સાથેના ૧.૨ લાખ બેડ તેમજ આઈસીયુ વગરના પાંચ લાખ ઓક્સિજન બેડ અને ૧૦ લાખ કોવિડ આઈસોલેશન બેડની તૈયારી રાખવી જોઈએ.

## મહારાષ્ટ્રમાં દિવાળી બાદ જ સ્કૂલો શરૂ કરાશે

મુંબઈ , તા. ૨૧

મહારાષ્ટ્રમાં દિવાળી પછી જ સ્કૂલો શરૃ કરવાની સૂચના ટાસ્ક ફોર્સ તરફથી આપવામાં આવી છે એવી માહિતી નાયબ મુખ્ય પ્રધાન અજીત પવારે આપી હતી.તેમણે કહ્યું હતું કે ૧૮ વર્ષથી મોટી ઉંમરના કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ કોરોનાની રસીના બંને ડોઝ લીધા હોય એવી કોલેજો શરૃ કરવા બાબત વિચારણા ચાલુ છે, અંતિમ નિર્ણય મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે લેશે. મહારાષ્ટ્રમાં થોડા વખત પહેલા સ્કૂલો શરૃ કરવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ પછી બે જ દિવસમાં નિર્ણય પાછો ખેંચવામાં આવ્યો હતો.

# પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૨૦ પૈસાનો ઘટાડો

**ઘણા રાજ્યોમાં ભાવ ૧૦૦ને પાર છે : રાજધાની દિલ્હીમાં આજે પેટ્રોલ ૧૦૧.૬૪ રૂપિયા પ્રતિ લીટર તેમજ ડીઝલ ૮૯.૦૭ રૂપિયા પ્રતિ લીટર છે**

નવી દિલ્હી,તા.૨૨

તેલ કંપનીઓએ આજે એટલે કે ૨૨ ઓગસ્ટે પેટ્રોલ અને ડીઝલના નવા ભાવ જારી કર્યા છે. ઈન્ડિયન ઓયલ અનુસાર પેટ્રોલ-ડીઝલના ભાવમાં આજે સામાન્ય ઘટાડો થયો છે. લેટેસ્ટ રેટ અનુસાર પેટ્રોલ ૨૦ પૈસા પ્રતિ લીટર સસ્તું થયું છે. તો ડીઝલના ભાવમાં પણ પ્રતિ લીટરે ૨૦ પૈસાનો ઘટાડો થયો છે.

રાજધાની દિલ્હીમાં આજે પેટ્રોલ ૧૦૧.૬૪ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૮૯.૦૭ રૂપિયા પ્રતિ લીટર છે. તો મુંબઈમાં ડીઝલ ૯૬.૬૪ રૂપિયા પ્રતિ લીટર અને પેટ્રોલ ૧૦૭.૬૬ રૂપિયા પ્રતિ લીટર છે. હકીકતમાં છેલ્લા ૩૫ દિવસથી પેટ્રોલના ભાવ સ્થિર હતા, તો ડીઝલની કિંમતમાં છેલ્લા ત્રણ દિવસમાં ઘટાડો જોવા મળ્યો છે. હવે આજે પેટ્રોલના ભાવમાં પણ ઘટાડો થયો છે. મહત્વનું છે કે પેટ્રોલની કિંમતમાં છેલ્લે ૧૭ જુલાઈ ૨૦૨૧ના વધારો થયો હતો. જૂનમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ૧૬ વખત વધ્યા હતા. જૂનમાં પેટ્રોલ ૪.૩૨ રૂપિયા સુધી પહોંચ્યું હતું.

# કાશ્મીરમાં સૈન્યનાં બે મોટાં ઓપરેશન પુલવામામાં જૈશના ત્રણ આતંકી ઠાર

પુલવામા, તા.૨૨

દક્ષિણ કાશ્મીરના પુલવામાના અવંતીપોરામાં સૈન્ય દ્વારા એક મોટુ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કુલ પાંચ આતંકીઓનો ખાતમો કરવામાં આવ્યો છે.

આતંકીઓ માર્યા ગયા તે બાદ સુરક્ષા જવાનો દ્વારા હાલ જંગલમાં સર્ચ ઓપરેશન જારી છે. આ ઓપરેશન દરમિયાન કેટલાક આતંકીઓ જંગલમાં ભાગી ગયા હોવાના અહેવાલોને પગલે તપાસ અભિયાન શરૂ કરાયું છે. છેલ્લા ૨૪ કલાકમાં આતંકીઓ સામેનું આ બીજુ મોટુ ઓપરેશન છે. જેમાં અત્યાર સુધીમાં કુલ પાંચ આતંકીઓ માર્યા ગયા છે.

શુક્રવારે જ અવંતીપોરામાં જ એક ઘર્ષણમાં સૈન્યએ બે આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા. સૈન્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે જવાબી કાર્યવાહી પહેલા આતંકીઓને આત્મસમર્પણ કરવાની અપીલ કરાઇ હતી. જોકે આતંકીઓએ હિથયારો છોડવાની ના પાડી દીધી હતી અને સૈન્ય પર જ ગોળીબાર કરી દીધો હતો જે બાદ આ ઓપરેશન શરૂ કરાયું હતુ અને આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા.બીજી તરફ પઠાણકોટમાં અત્યંત ભિષણ ગરમીમાં ટ્રેનિંગ દરમિયાન એક જવાનનું મોત નિપજ્યું હતું. જ્યારે અનેક સૈનિકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.




